# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, "નવસર્જન" બિલ્ડીંગ,
પહેલો માળ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૨ ફોન નં. ૦૨૮૧ -૨૩૬૨૭૦૧.

## ઔદ્યોગિક પ્લોટ, વાણીજ્ય પ્લોટનું જાહેર હરાજીથી વેચાણ

ભાવનગર પ્રાદેશીક કચેરી હેઠળની ઔદ્યોગિક વસાહતોમાં નીચે મુજબના ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ, વાણીજ્ય પ્લોટ કે જે "જેમ છે તેમ અને જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં" ફાળવણી કરવા સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ઉપલબ્ધ મિલ્કતના નંબર, ક્ષેત્રફળ, ઔદ્યોગિક વસાહતનું નામ નીચે જણાવ્યા મુજબનું છે. કોરા અરજી ફોર્મ રકમ રૂ.૧૦૦/- રોકડા ભર્યેથી તા.૨૩/૦૨/૨૦૧૮ થી તા.૦૭/૦૩/૨૦૧૮ દરમ્યાન રજાના દિવસો સિવાય **સવારના ૧૧:૦૦ થી ૫.૦૦ કલાક સુધી (રીશેષ સિવાય)** પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જી.આઈ.ડી.સી., વિઠ્ઠલવાડી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉદ્યોગનગર, ભાવનગર – ૩૬૪ ૦૦૧ પરથી જ મેળવવાના રહેશે અને તેવા જ અરજીપત્રકો માન્ય ગણાશે. એક અરજીપત્રક દ્વારા એક જ પ્લોટ/શેડ/મિલ્કત માટે અરજી કરી શકાશે. (કોરા અરજીપત્રકો મેળવતા સમયે મળેલા કવરમાં જ અરજી/ભાવપત્રક રજૂ કરવા વિનંતી)

### ભાવનગર રીજીયનની હરાજીમાં મુકેલ મિલકતોની યાદી

| ક્રમ | ઔદ્યોગિક વસાહત | મિલ્કતનો પ્રકાર | મિલ્કત નંબર | વિસ્તાર (ચો.મી.) | મિલ્કતની તળીયાની કિંમત (રૂા.) | ૨૫% પ્રમાણેની બાનાની રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|---|
| ૧. | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૧૪૨ | ૨૫૩૫.૬૧ | ૧,૧૯,૧૭,૩૬૭ | ૨૯,૭૯,૩૪૨ |
| ૨. | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૩૯૪ | ૧૮૫૩.૮૯ | ૯૨,૬૯,૪૫૦ | ૨૩,૧૭,૩૬૩ |
| ૩ | ચિત્રા | ઔદ્યોગિક પ્લોટ | ૩૯૬ | ૨૫૪૪.૮૨ | ૧,૨૭,૨૪,૧૦૦ | ૩૧,૮૧,૦૨૫ |
| ૪ | ચિત્રા | ઔદ્યોગિક શેડ | એલ–૩૫૩/૫ | ૩૪૨.૭૨ | ૧૮,૨૬,૪૮૦ | ૪,૫૬,૬૨૦ |
| ૫ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી–૮૯ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૬ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી.૯૨ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૭ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી.૯૨ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૮ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી.૧૧૪ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૯ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી.૧૧૫ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૧૦ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી.૧૧૬ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૧૧ | ચિત્રા | હાઉસીગ કર્વા. | સી.૧૧૮ | ૬૬.૮૮ | ૬,૨૨,૩૫૯ | ૧,૫૫,૫૯૦ |
| ૧૨ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.સી.એલ.૯ | ૪૭.૬૬ | ૪,૫૯,૧૧૮ | ૧,૧૪,૭૮૦ |
| ૧૩ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.સી.એલ.૧૨ | ૪૭.૬૬ | ૪,૫૯,૧૧૮ | ૧,૧૪,૭૮૦ |
| ૧૪ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.સી.એલ.૨૨ | ૪૭.૬૬ | ૪,૫૯,૧૧૮ | ૧,૧૪,૭૮૦ |
| ૧૫ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.સી.એલ.૨૩ | ૪૭.૬૬ | ૪,૫૯,૧૧૮ | ૧,૧૪,૭૮૦ |
| ૧૬ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.બી.એલ.૯ | ૩૬.૦૨ | ૩,૪૭,૮૧૦ | ૮૬,૯૫૩ |
| ૧૭ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.બી.એલ.૧૧ | ૩૬.૦૨ | ૩,૪૭,૮૧૦ | ૮૬,૯૫૩ |
| ૧૮ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.બી.એલ.૧૨ | ૩૬.૦૨ | ૩,૪૭,૮૧૦ | ૮૬,૯૫૩ |
| ૧૯ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.બી.એલ.૨૧ | ૩૬.૦૨ | ૩,૪૭,૮૧૦ | ૮૬,૯૫૩ |
| ૨૦ | ચિત્રા | હાઉસીગ કર્વા. | આર.બી.એલ.૨૪ | ૩૬.૦૨ | ૩,૪૭,૮૧૦ | ૮૬,૯૫૩ |
| ૨૧ | શિહોર–૨ | ઔદ્યોગિક શેડ | એલ–૩૩૦/૪ | ૧૪૨.૦૦ | ૨,૪૦,૬૬૮ | ૬૦,૧૬૭ |
| ૨૨ | શિહોર–૨ | ઔદ્યોગિક પ્લોટ | ૨૦૨ | ૫૫૧૨.૦૦ | ૪૯,૬૬,૮૦૦ | ૧૨,૪૧,૭૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૩ | બાબરા–૧ | ઔદ્યોગિક પ્લોટ | ૪૪/એ | ૨૫૦.૦૦ | ૨,૨૫,૦૦૦ | ૫૬,૨૫૦ |
| ૨૪ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | એ–૧૫૮ | ૧૦૨૪.૦૦ | ૧૩,૮૨,૪૦૦ | ૩,૪૫,૬૦૦ |
| ૨૫ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી–૧૦૩ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૨૬ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.૧૦૪ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૨૭ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી–૧૦૫ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૨૮ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.–૧૦૬ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૨૯ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.–૨૭ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૩૦ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.–૨૮ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૩૧ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.–૨૯ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૩૨ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.–૩૦ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૩૩ | બાબરા–૨ | ઔદ્યોગિક પ્લોટ | ડી.–૩૧ | ૨૫૦.૦૦ | ૩,૩૭,૫૦૦ | ૮૪,૩૭૫ |
| ૩૪ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૩૧૦/બી. | ૫૩૯.૦૬ | ૮,૮૯,૪૪૯ | ૨,૨૨,૩૬૨ |
| ૩૫ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૩૦૯ | ૧૧૪૭.૦૭ | ૧૮,૯૩,૭૦૫ | ૪,૭૩,૪૨૬ |
| ૩૬ | દામનગર | ઔદ્યોગિક પ્લોટ | ૪૦૨ | ૪૩૧.૦૫ | ૭,૧૧,૯૭૫ | ૧,૭૭,૯૯૪ |
| ૩૭ | દામનગર | ઔદ્યોગિક શેડ | કે૧–૫૦૬ | ૯૨૮.૦૦ | ૧૫,૩૧,૨૦૦ | ૩,૮૨,૮૦૦ |

ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં માત્ર "આર.પી.એ.ડી." દ્વારા જ તા.૧૫/૦૩/૨૦૧૮ સાંજના ૧૬:૦૦ કલાક સુધીમાં વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, "નવસર્જન" બીલ્ડિંગ, પહેલો માળ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૨ ના સરનામે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. કવર ઉપર સ્વચ્છ અને સ્પષ્ટ વંચાય તે રીતે "હરાજી માટેનું ભાવપત્રક" અચૂક લખવાનું રહેશે અને જે તે મિલ્કતનો પ્રકાર, મિલ્કત નંબર અને ઔદ્યોગિક વસાહતનું નામ પણ અવશ્ય દર્શાવવાનું રહેશે. અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫% બાનાની રકમ તથા ચકાસણી ફી કે જે ઔદ્યોગિક પ્લોટ માટે રૂ.૧૧૮૦/- અને ઔદ્યોગિક શેડ/હાઉસિંગ ક્વાર્ટર માટે રૂ.૨૩૬૦/- છે તે "જી.આઈ.ડી.સી. ભાવનગર" ના નામના અલગ અલગ ડી.ડી.થી જ ભરપાઈ કરવાના રહેશે. ચકાસણી ફી પરત મળવાપાત્ર નથી. ઉપર દર્શાવેલ મિલ્કતોની જાહેર હરાજી તા.૨૨/૦૩/૨૦૧૮ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે નીચે જણાવેલ સરનામે વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, રાજકોટ ખાતે રાખવામાં આવશે.

<u>મળેલા ભાવપત્રકો ખોલવાનું સ્થળ :</u>

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, "નવસર્જન" બિલ્ડીંગ, સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૨.**

ઉપર જણાવેલ મિલ્કતોની વિગતો, શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઈટ (www.gidc.gujarat.gov.in) પર મુકવામાં આવેલ છે. જે વંચાણે લીધા પછી જ ટેન્ડર ભરવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં નિગમ તેમાં ફેરફાર કરી શકશે અને કોઈપણ મિલકતને જાહેર હરાજીની યાદીમાંથી હરાજીની પ્રક્રિયા શરૂ થાય તે પહેલા બાકાત રાખી શકશે. વધુમાં, કોઈપણ મિલ્કતના પ્રકાર, વિસ્તાર અથવા કિંમત બાબતે કંઈપણ ફેરફાર જણાશે તો નિગમ તેમાં પણ ફેરફાર કરી શકશે અને નિગમનો નિર્ણય અંતિમ અને તમામ અરજદારોને બંધનકર્તા રહેશે. સંપૂર્ણ વિગત સાથે મળેલ ભાવપત્રકો પૈકી કોઈપણ એક કે તમામ સ્વીકારવા કે ન સ્વીકારવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

સહી/-

વિભાગીય પ્રબંધક-૧,
જી.આઈ.ડી.સી., રાજકોટ.

સંપર્ક અધિકારી: પ્રાદેશીક મેનેજર, જી.આઈ.ડી.સી., ભાવનગર
ટેલીફોન નં.૦૨૭૮-૨૫૧૨૮૧૫

રજી.પો.એ.ડી.:

પ્રેષક: ............................................
............................................
............................................
તા.

**પ્રતિ,**
**વિભાગીય પ્રબંધકશ્રી**
**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,**
**“નવસર્જન” બિલ્ડીંગ, પહેલો માળ,**
**સ્વામિનારાયણ ગુરુકુળ સામે, ગોંડલ રોડ,**
**રાજકોટ – ૩૬૦ ૦૦૨.**

**વિષય: ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/શેડ/મિલ્કત/રહેણાંક મકાન જાહેર હરાજીથી મેળવવા બાબત.**

મહાશય,

ઉપરોકત બાબતે તા. ........................... નાં રોજ ............................ દૈનિક સમાચાર પત્રમાં ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/શેડ/મિલ્કત/રહેણાંક મકાન માટેની 'જાહેર નિવિદા' અનુસાર નિગમ મારફતે જાહેર હરાજીથી નિગમની ....................... ઔદ્યોગિક વસાહતમાં ઔદ્યોગિક/વાણિજય પ્લોટ મેળવવા માટે અમો અરજી કરીએ છીએ અને આ સાથે નિયત નમુનામાં ઔદ્યોગિક/ વાણિજય પ્લોટના અરજીપત્રક સાથે "જી.આઇ.ડી.સી., ભાવનગર" ના નામનો રૂા.૧૧૮૦/- નો ડી.ડી./પે સ્લીપ સાદર કરીએ છીએ અથવા ઔદ્યોગિક શેડ/વાણિજય મિલ્કત/રહેણાંક મકાનના અરજીપત્રક સાથે રૂા.૨૩૬૦/- નો ડી.ડી./ પે સ્લીપ સાદર કરીએ છીએ (લાગુ ન પડતું હોય તે છેકી નાખવું) તથા વિતરણ કરવા અંગેની શરતો અને બોલીઓ અન્વયેનું રૂા.૧૦૦/-નો સ્પેશીયલ એઘેસીવ સ્ટેમ્પ સાથેનું બાહેંધરીખત સાદર કરીએ છીએ.

અમો .................................. ઔદ્યોગિક વસાહતના ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/શેડ/મિલ્કત/ રહેણાંક મકાન નં........................................, ચો.મી. .........................., માટે અમારી કુલ કિંમત રૂા........................................... દર્શાવીએ છીએ અને ઉપરોકત દર્શાવેલ કુલ કિંમતના ૨૫% પ્રમાણે રૂા. ................................ અનામતની રકમનો "જી.આઇ.ડી.સી., ભાવનગર" ના નામનો ડી.ડી./ પે સ્લીપ આ સાથે મોકલીએ છીએ. આમ, અરજી ફોર્મ સાથે ૨૫% ઇ.એમ.ડી.ની રકમના ડી.ડી. ઉપરાંત ઉપર મુજબની ચકાસણી ફીનો ડીડી/પે સ્લીપ અલગ-અલગ રજુ કરીએ છીએ. સદર મિલ્કત અમોએ "જેમ છે તેમ અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં" મેળવવા અરજી કરેલ છે. આ સાથે અમોએ અમારી વ્યક્તિગત પેઢી/ભાગીદારી પેઢી/કંપનીના જરૂરી તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ બિડેલ છે.

આભાર સહ, આપના વિશ્વાસુ,

....................................................
(અરજદાર/તમામ ભાગીદારો/ડિરેક્ટરોની સહી)

**બિડાણ: અરજીપત્રક, બાહેંધરીખત, અલગ-અલગ ડ્રાફ્ટ તેમજ જરૂરી તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ.**

**(રૂા.૧૦૦/-નો સ્પેશ્યલ એધેસીવ સ્ટેમ્પ લગાવવો)**

**ભાવનગર રીજીયન ખાતે આવેલ ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/શેડ/મિલ્કત/રહેણાંક મકાનની જાહેર હરાજીથી વિતરણ કરવા અંગેની શરતો અને બોલીઓ અંગેનું બાંહેધરીખત.**

૧. જાહેરાત પ્રસિધ્ધ થયેલ મિલ્કતનું વિતરણ નિગમના પ્રર્વતમાન નિયમો અને ભવિષ્યમાં થનાર સુધારા અને જોગવાઇઓને આધીન રહેશે અને ખરીદનાર પક્ષકારને બંધનકર્તા રહેશે.

૨. મિલ્કતના વિતરણ અંગેના ઓફર-કમ-ફાળવણીપત્ર જારી થયે તેમાં દર્શાવેલ નિયત સમયમાં મિલ્કતની કુલ કિંમતના ડીડી અને કરારખત (જરૂરી એધેશિવ સ્ટેમ્પ લગાવીને) રજુ થયા બાદ મિલ્કતનો કબજો સોંપવા અંગેની કાર્યવાહી થઇ શકશે. જે તે મિલ્કત માટેનું ટેન્ડર મોકલનાર અરજદારે તેમણે મેળવવા ધારેલ મિલ્કતની કુલ કિંમતના ૨૫% લેખે રકમ અનામત પેટે "જી.આઇ.ડી.સી., ભાવનગર"ની તરફેણનો ડી.ડી. અરજી સાથે મોકલવાનો રહેશે. બાકીની ૭૫% રકમ એકી સાથે ઓફર-કમ-ફાળવણીપત્ર મળ્યા તારીખથી ૩૦ દિવસમાં ડી.ડી. થી જમા કરાવવાની રહેશે. ઓફર-કમ-ફાળવણીપત્રનો નિયત મુદ્દતમાં સ્વીકાર/પૂર્તતા ન થાય તો અનામત પેટે જમા થયેલ ૨૫% લેખેની રકમ જપ્ત કરવામાં આવશે તથા અરજદારનું ટેન્ડર આપેઆપ રદ્દ થયેલ ગણાશે અને અરજદારને જે તે ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/શેડ/મિલ્કત/રહેણાંક મકાનની ફાળવણી કે અનામત પેટે ૨૫% પ્રમાણે જમા કરાવેલ રકમ પરત મેળવવા માટેનો હકક રહેશે નહીં કે તે અંગે કોઇ વાંધો/રજુઆત ભવિષ્યમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને નિગમ જે તે મિલ્કત અન્ય અરજદારને ફાળવવા સ્વતંત્ર રહેશે.

૩. જે તે મિલ્કત મેળવવા નિગમના તમામ કાયદાઓ, નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ બાંધકામ માટે નિગમની પરવાનગી લેવાની રહેશે અને તે અંગેની જરૂરી ફી ભરવાની રહેશે.

૪. જાહેર હરાજીથી મેળવેલ મિલ્કતની તબદીલી અંગે નિગમના જે તે સમયના પ્રર્વતમાન નીતિનિયમો લાગુ થશે અને આવા સમયે નિગમની પૂર્વ મંજૂરી લેવાની રહેશે અને તે અંગે જે તે સમયના પ્રર્વતમાન દરે ફી ભરપાઇ કરવાની રહેશે.

૫. જે તે મિલ્કતના ભાડા, હકકો લીઝ અને કન્વેયન્સના દસ્તાવેજો કાર્યાન્વિત કરવાની પરવાનગી અન્વયેનો ખર્ચ કે તે માટેનો દંડ ફાળવણીદારે ભોગવવાનો રહેશે.

૬. નિગમ ધ્વારા મિલ્કતની ફાળવણી જે હેતુ માટે કરવામાં આવેલ હશે તે અને અજરદાર દ્વારા અરજી પત્રકમાં જણાવ્યા મુજબનો જ ફાળવેલ મિલ્કતનો નિયત સમય મર્યાદામાં ઉપયોગ કરવાનો રહેશે.

૭. ટેન્ડરમાં જે તે મિલકત માટે જાહેરાતમાં દર્શાવેલ તળીયાની કિંમત કરતા ઓછી કિંમત દર્શાવવામાં આવેલ હશે તો તે ટેન્ડર રદ્દ બાતલ કરવામાં આવશે.

૮. જે તે મિલ્કત મેળવવા માટે મિલ્કતને લગતા ઓફર-કમ-ફાળવણીપત્ર, કરારખત, લીઝ અને કન્વેયન્સ વગેરે દસ્તાવેજોમાં સમાવિષ્ટ થયેલ તમામ નીતિનિયમોનું પાલન અરજદારે કરવાનું રહેશે સદર દસ્તાવેજોમાં દર્શાવેલ નિયમો ફાળવણીદારને બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થતા નિગમને તેમાં સમાવિષ્ટ નિયમો મુજબની કાર્યવાહી કરવાનો અધિકાર રહેશે. જે કિસ્સામાં આ દસ્તાવેજો થયા નહીં હોય તેવા કિસ્સામાં નિગમને કોઇપણ નોટીસ આપ્યા સિવાય વિતરણ રદ્દ કરવાનો અધિકાર રહેશે.

૯. જે તે પ્લોટ/શેડ/વાણિજય પ્લોટ/મિલ્કત માટે ટેન્ડરની અરજીઓ ખોલ્યા બાદ કે માંહો માંહેની બોલીથી હરાજી કર્યા બાદ મિલ્કત/જમીનની ફાળવણી કે અરજી રદ્દ કરવી તે નિગમનો અબાધિત અધિકાર રહેશે.

૧૦. ઔદ્યોગિક/વાણિજય પ્લોટ/મિલ્કત/રહેણાંક મકાનની હરાજી "જેમ છે તેમ અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં" કરવામાં આવશે. જેથી કોઇપણ પ્રકારની રાહત મજરે આપવામાં આવશે નહીં કે અન્ય કોઇ પણ પ્રકારની રજુઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૧૧. અરજીપત્રકમાં જે તે મિલ્કત મેળવવા ઇચ્છુક અરજદારનું બંધારણ વ્યક્તિગત પેઢી, ખાનગી પેઢી, ભાગીદારી પેઢી, પ્રા.લી. કંપની વગેરે હોય તો તેનું નામ દર્શાવવાનું રહેશે અને તેના (અરજદાર/તમામ ભાગીદારો/ડિરેક્ટરોના) ૨ પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ, સરકારમાન્ય ફોટો ઓળખકાર્ડ અને રહેઠાણ પુરાવા, ભાગીદારી પેઢી માટે ભાગીદારી ખત/રજીસ્ટ્રેશન સાથેની વિગતો તથા કંપની માટે આર્ટીકલ્સ ઓફ એસોસીએશન તથા મેમોરન્ડમ ઓફ એસોસીએશન વગેરે સહીતના લાગુ પડતાં જરૂરી તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલો રજુ કરવાની રહેશે.

૧૨. નિગમ ધ્વારા હરાજીમાં મૂકવામાં આવેલ મિલ્કત માટે સંપૂર્ણ વિગત સાથે મળેલ ભાવપત્રકો પૈકી કોઇપણ એક કે તમામ સ્વીકારવા કે ન સ્વીકારવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

૧૩. નિગમને મળેલ ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર થયાની જાણ અરજદારને જરૂરી નિર્ણય લેવાયા બાદ કરવામાં આવશે. જે અરજદારોના ટેન્ડરોનો અસ્વીકાર કરવામાં આવેલ હોય તે અરજદારોને તેઓ ધ્વારા ભરપાઇ કરેલ અનામતની રકમ વ્યાજ વિના પરત કરવામાં આવશે.

૧૪. ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં માત્ર "આર.પી.એ.ડી." ધ્વારા જ તા.૧૫/૦૩/૨૦૧૮ સાંજના ૧૬:૦૦ કલાક સુધીમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વિભાગીય પ્રબંધકશ્રીની કચેરી, રાજકોટ મળી જાય તે રીતે મોકલવાના રહેશે. કવર ઉપર સ્વચ્છ અને સ્પષ્ટ વંચાય તે રીતે "હરાજી માટેનું ભાવપત્રક" અચૂક લખવાનું રહેશે અને જે તે મિલ્કતનો પ્રકાર, મિલ્કત નંબર અને ઔદ્યોગિક વસાહતનું નામ પણ અવશ્ય દર્શાવવાનું રહેશે. જો આવી વિગત દર્શાવેલ નહીં હોય તો રોજ-બરોજની ટપાલ સમજી નિગમના કર્મચારી ધ્વારા તે કવર ખોલી, કવર ટેન્ડર વિનાનું ગણી દફતરે કરવામાં આવશે અને અરજદારને તે પરત કરવામાં આવશે અને તે અંગે કોઇ વાંધો/રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે

નહીં. ઉપર મુજબ નિયત સમય મર્યાદામાં મળેલ ભાવપત્રકોને જ ધ્યાને લઇ નકકી કરેલ સમય/સ્થળે હરાજીની કાર્યવાહી કરવામાં આવશે.

૧૫. ટેન્ડર ઓપન થયેથી જે તે મિલ્કતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલ હશે તે કિંમતને ન્યુનત્તમ કિંમત/તળીયાની કિંમત ગણી અરજદારો પાસે માંહોમાહેની બોલી બોલાવવામાં આવશે. જેમાં સૌથી વધુ બોલાયેલ બોલી/કિંમત તમામ અરજદારોને બંધનકર્તા રહેશે અને સૌથી વધારે બોલી બોલનારની આખરી બોલી ગણી નિગમની વડીકચેરીએથી જરૂરી મંજૂરી મળ્યા બાદ જ મિલ્કતની ફાળવણી અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૬. અરજીપત્રક સાથે સામેલ કરાયેલ વિતરણ કરવા અંગેની શરતો અને બોલીઓ અન્વયેનું બાહેંધરીખત રૂા.૧૦૦/-નો સ્પેશીયલ એધેસીવ સ્ટેમ્પ લગાવી ત્યારબાદ અરજદારની સહી, સ્થળ અને તારીખ તથા બે સાક્ષીઓની સહી સાથે ફરજિયાત રજુ કરવાનું રહે છે. તે પણ જો નિયમ મુજબ રજુ કરવામાં આવેલ નહીં હોય તો તેવા ટેન્ડર આપોઆપ રદ્દ બાતલ થવાને પાત્ર રહેશે.

૧૭. જે તે મિલકતના અગાઉના ફાળવણીદાર ધ્વારા પ્લોટ ઉપર બાંધકામ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થા અથવા નિગમની જરૂરી મંજૂરી વિના કે મંજૂર કરેલ પ્લાન સિવાયનું વધારાનું બાંધકામ કરેલ હશે તો અરજદારે તે બાંધકામ પોતાના ખર્ચે નિયમિત કરાવાનું રહેશે. જો બાંધકામ નિયમિત થઇ શકે તેમ ન હોય તો તે પોતાના ખર્ચે દૂર કરવાનું રહેશે.

૧૮. અરજદારે ટેન્ડરમાં ભરેલ જે તે કિંમતના ૨૫% બાનાની રકમ તથા ચકાસણી ફી કે જે ઔદ્યોગિક તેમજ વાણીજ્ય પ્લોટ માટે **રૂ.૧૧૮૦/-** અને ઔદ્યોગિક શેડ/હાઉસિંગ ક્વાર્ટર માટે રૂ.૨૩૬૦/- **છે તે "જી.આઈ.ડી.સી. ભાવનગર" ના નામના અલગ અલગ ડી.ડી.થી જ** ભરપાઈ કરવાના રહેશે. ચકાસણી ફી પરત મળવાપાત્ર નથી. ભાવપત્રક સાથે ૨૫% બાનાની રકમનો ડી.ડી. તથા ચકાસણી ફી નો ડી.ડી. એમ અલગ-અલગ સામેલ ન રાખનારનું ટેન્ડર આપોઆપ રદ બાતલ ગણાશે.

૧૯. હરાજી દરમ્યાન અરજદાર પોતે અથવા તેમના પ્રતિનિધિ હાજર રહી શકશે. અરજદાર અથવા અરજદારના પ્રતિનિધિએ ભાગ લેવા માટે હરાજી શરૂ થવાના સમય અગાઉ એક કલાક પહેલાં તેમનો તાજેતરનો ફોટો તથા સરકાર માન્ય ફોટો ઓળખકાર્ડ (અસલ તથા એક નકલ) રજુ કરવાનું રહેશે. અને આ રજુ કરનાર વ્યકિત જ હરાજીમાં ભાગ લઇ શકશે. અસલ ઓળખપત્ર હરાજી બાદ અરજદાર/પ્રતિનિધિને પરત કરવામાં આવશે. કોઇ કારણસર અરજી કરનાર અરજદાર હાજર ન રહી શકે તેમ હોય તો તેના પ્રતિનિધિને હાજર રહેવા માટે સંમતિપત્ર/અધિકૃતપત્ર આપવાનું રહેશે. જેના વગર પ્રતિનિધિ બોલીમાં હાજર રહી શકશે નહીં. જે અંગે પાછળથી કોઈ વાદવિવાદ ગ્રાહ્ય રાખવામા આવશે નહીં.

૨૦. રહેણાંક મકાન માટે નિગમની જે તે વસાહતમાં એકમ ધરાવતા ઉદ્યોગકાર જ ભાવપત્રક/ટેન્ડર રજુ કરી શકાશે. જેમાં પુરાવારૂપે અરજદારે ફાળવણીપત્ર/તબદીલી હુકમની નકલ રજુ કરવાની રહેશે.

૨૧. એક વખત ટેન્ડર ખુલી ગયા પછી કોઇપણ સંજોગોમાં પરત ખેંચી શકાશે નહીં. જેથી એકવાર ટેન્ડર ખુલી ગયા બાદ જો કોઇ અરજદાર ટેન્ડર પરત ખેંચવાની રજુઆત કરશે અથવા ઓફર-કમ-એલોટમેન્ટ લેટર સ્વીકારવાની ના પાડશે તો તે અરજદારની ૨૫% બાનાની રકમ કે જે ટેન્ડર સાથે ભરપાઇ થયેલ હશે તે નિગમ ધ્વારા જપ્ત કરવામાં આવશે અને તે બાબતે અરજદાર કોઇપણ પ્રકારની તકરાર/વાંધો ઉઠાવી શકાશે નહીં.

૨૨. વાણિજ્ય પ્લોટ માટે વાણિજય હેતુઓ દર્શાવતી યાદી અરજીપત્રક સાથે બિડાણ કરેલ છે તે સિવાયના અન્ય કોઇ હેતુ માટે નિગમનો નિર્ણય આખરી ગણાશે.

૨૩. જે તે મિલ્કત માટે વખતો વખત લાગુ પડતાં કરવેરા, જી.એસ.ટી., પી.જી.વી.સી.એલ., સ્થાનિક નગરપાલિકા, મહાનગરપાલિકા કે શહેરી વિકાસ સત્તા મંડળ, નોટિફાઇડ એરીયા, રાજ્ય/કેન્દ્ર સરકારની સંસ્થાઓ, પાણી વગેરેના તમામ વેરાઓ/ટેકસ/ચાર્જીસ વગેરે અરજદારે જે તે સંસ્થાને બારોબાર ભરવાના રહેશે.

૨૪. હરાજીમાં મૂકવામાં આવેલ જે તે મિલ્કતો પર જીઆઇડીસી તથા અન્ય સંસ્થાઓ જેવી કે, પી.જી.વી.સી.એલ., સ્થાનિક નગરપાલિકા, મહાનગરપાલિકા કે શહેરી વિકાસ સત્તા મંડળ, નોટિફાઇડ એરીયા, રાજ્ય/કેન્દ્ર સરકારની સંસ્થાઓ, પાણી વગેરેના જૂના ફાળવણીદારના પડતર રહેવા પામેલ અથવા કોઇપણ જાતના બાકી નિકળતાં લેણાં ભરવાની સંપૂર્ણ જવાબદારી જે તે અરજદારની/હરાજીમાં પસંદ થયેલ ફાળવણીદારની રહેશે અને જે તે લ્હેણી રકમ મિલ્કતની હરાજીમાં નકકી થયેલ ફાળવણી કિંમતમાંથી બાદ મળી શકશે નહીં એટલે કે જે તે અરજદારે જ ભરપાઇ કરવાની રહેશે અને તે અંગે કોઇ વાંધો/રજુઆત ભવિષ્યમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૨૫. હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયે, પ્રથમ ત્રણ બોલી બોલનાર સિવાયના અરજદારોના બાનાની રકમના ડી.ડી. પરત કરવામાં આવશે. જ્યારે પ્રથમ ત્રણ બોલી બોલનાર ના ડી.ડી. હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયે, વડી કચેરીએ થી જરૂરી મંજૂરી મેળવી, સૌથી વધુ બોલી બોલનાર અરજદાર દ્વારા ફાળવણીપત્ર મુજબની સંપૂર્ણ ઓફર રકમ ભર્યા બાદ મિલકતની ફાળવણી થયે બાકી રહેલ બે અરજદારોના ડી.ડી. પરત કરવામાં આવશે જેની તમામ અરજદારોએ ખાસ નોંધ લેવી. હરાજી બાદ પાછળથી ડી.ડી. પરત કરવા માટે નિગમ સાથે વાદ-વિવાદ/તકરાર કરવી નહીં.

૨૬. હરાજીના સમયે અરજદારો ધ્વારા હરાજીના સંચાલક અધિકારી ધ્વારા નકકી કરવામાં આવેલ રકમના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે.

૨૭. હરાજી ખંડમાં/ફોન/મોબાઇલ કે અન્ય કોઇપણ પ્રકારના સંદેશા વ્યવહારના ઉપકરણો લાવવા પ્રતિબંધિત છે.

૨૮. જો નિગમ દ્વારા ફાળવવામાં આવેલ મિલકતના ઓફરની રકમ ફાળવણીદાર ચૂકવે અને ઓફરનો સ્વીકાર કરી, નિગમ સાથે નિયત કરારખત ન કરે અથવા તેનો અમલ ન કરે અથવા મિલકતનો ભૌતિક કબ્જો ન લે અને નિગમ ઓફર રદ કરે તો ફાળવણીદાર ભરેલ ઓફર રકમમાંથી, અનામતની રકમ પરત મેળવવા હક્કદાર નથી. તદ્દઉપરાંત મિલકતની ફાળવણીની રકમ નિગમના નિયમોનુસાર કપાત સાથે જપ્ત કરવા નિગમ હક્કદાર રહેશે.

૨૯. અનિવાર્ય સંજોગોમાં જો કોઈ અરજદાર પોતાનું અરજીપત્રક/ભાવપત્રક પાછું ખેંચવા માંગતો હોય તો હરાજીના એટલેકે ભાવપત્રક ખોલવાના ૧ દિવસ અગાઉ કચેરી સમય દરમ્યાન સરકારમાન્ય ફોટો ઓળખકાર્ડ સાથે રૂબરૂમાં જાતે હાજર રહી લેખિતમાં રજૂઆત કરી પરત ખેંચી શકશે.

૩૦. ઉપર જણાવેલ મિલ્કતોની વિગતો, શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઇટ (www.gidc.gujarat.gov.in) પર મૂકવામાં આવેલ છે. જે વંચાણે લીધા પછી જ ટેન્ડર ભરવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં નિગમ તેમાં ફેરફાર કરી શકશે. વધુમાં, કોઇપણ મિલ્કતના પ્રકાર, વિસ્તાર તથા કિંમત બાબતે કંઇપણ ફેરફાર જણાશે તો નિગમ તેમાં પણ ફેરફાર કરી શકશે અને નિગમનો નિર્ણય અંતિમ અને તમામ અરજદારોને બંધનકર્તા રહેશે.

ઉપરોકત તમામ શરતો વાંચી, સમજીને તે શરતો અને બોલીઓ અમો નીચે સહી કરનારને બંધનકર્તા રહેશે અને નિગમની પ્લોટ/શેડ/મિલકતના વિતરણને લગતી જોગવાઇઓ/નિતિનિયમો સમજી અને સંમત થઈ તેની ખાતરી સાથે અમોએ નિગમમાં મિલ્કત મેળવવાનું અરજીપત્રક મોકલાવેલ છે.

**અરજદરની સહી:** ..........................................

(અરજદાર/તમામ ભાગીદારો/ડિરેક્ટરોની સહી)

**સ્થળ** :

**તારીખ** :

**<u>સાક્ષીઓની સહી:-</u>**

૧......................................................

૨......................................................